# રાજકોટ મહાનગરપાલિકા

# પ્રોજેકટ વિભાગ

## ડો.આંબેડકર ભવન

## ઢેબરભાઇ રોડ

## રાજકોટ – ૩૬૦૦૦૧

## ધી રાઇટ ટુ ઇન્ફોર્મેશન એકટ – ૨૦૦૫

# પ્રકરણ–૨ (નિયમ સંગ્રહ–૧ )
# સંગઠનની વિગતો કાર્યો અને ફરજો
# રાજકોટ મહાનગરપાલિકા
# પ્રોજેકટ શાખા

## (૨.૧) જાહેર તંત્ર ઉદેશ/હેતુ :-

આ કચેરીની પ્રોજેકટ શાખા દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના તથા કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી પુરસ્કૃત યોજનાની અમલવારી કરવામાં આવે છે. તેમજ શહેરી ગરીબી નિવારવા અન્ય કાર્યક્રમમો પણ યોજવાની કામગીરી આ શાખા મારફત કરવામાં આવે છે.

## (૨.૨) જાહેર તંત્ર મિશન / દુરદેશીપણું (વિઝન) :-

શહેરી ગરીબી નિવારણ કાર્યક્રમો અંતર્ગત COVID-19થી અસરગ્રસ્ત શહેરી શેરી ફેરીયાઓને આજીવિકા પુનઃસ્થાપિત થાય તે માટે તબક્કાવાર લોન આપી આર્થિક રીતે સક્ષમ બનાવવા માટેની કામગીરી કરવામાં આવે છે. તથા આશ્રયવિહોણા લોકો કે જેઓ શહેરમાં રસ્તા ઉપર જોવા મળે તેવા લોકોને આશ્રયસ્થાન ખાતે આશ્રય આપી પાયાની સુવિધાઓ આપવામાં આવે છે. ઉપરાંત આ લોકોને આરોગ્ય ચકાસણી, બાળકો માટે શિક્ષણ વ્યવસ્થા, ભોજન સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે. આવા કાર્યોથી શહેરી ગરીબોને શોધી તેમના ઉત્થાન માટેનું લક્ષ્ય સિધ્ધ કરવા પ્રોજેકટ શાખા કાર્યરત છે.

## (૨.૩) જાહેર તંત્રનો ટુકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ :-
## (રાજકોટ મહાનગરપાલિકા,પ્રોજેકટ શાખા)

શરૂઆતમાં મુંબઇ પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ–૧૯૪૯ અમદાવાદ અને પૂના શહેરો માટે મહાનગરપાલિકા સ્થાપવા માટે અને મુંબઇ શહેર સિવાય બીજા વિસ્તારો માટે મહાનગરપાલિકા સ્થાપવા માટે સરકારને સતા આપવા માટે કર્યો હતો. બીજા તમામ શહેરો માટે કાયદાની જોગવાઇઓ એક સરખી હોય છે. તેથી દરેક શહેર માટે જુદો કાયદો કરવાને બદલે એક જ કાયદો કરવામાં આવ્યો હતો.

આ અધિનિયમ રાજયના મોટા મોટા શહેરો જેવા કે, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જુનાગઢને લાગુ પડે છે. રાજકોટ શહેરને તા.૧૯/૧૧/૧૯૭૩ના રોજ મુંબઇ પ્રાંતીય મહાનગરપાલિકા અધિનિયમ ૧૯૪૯ હેઠળ મહાનગરપાલિકા તરીકોનો દરજ્જો મળેલ છે.

હાલની રાજકોટ મહાનગરપાલિકા તા.૧૯/૧૧/૧૯૭૩ પહેલા રાજકોટ નગરપાલિકારૂપે કાર્યરત હતી. ગુજરાત રાજયના પંચાયત અને આરોગ્ય ખાતાના હુકમ નં.કે.પી.(૭૨) ૨૫૧ આર.સી.એન.૪૧૭૨–૧૯૬૮ તા.૨૭/૧૦/૧૯૭૨થી મંજુર થયા અનુસાર તા.૧૯/૧૧/૧૯૭૩થી રાજકોટ મહાનગરપાલિકાનું સર્જન થયું. અને ભૌગોલીક વિસ્તારને ૧૮ વોર્ડમાં વિભાજીત કરવામાં આવ્યો. આ સમયે રાજકોટ મહાનગરપાલિકા ભૌગોલિક રીતે ૬૯ ચો.કી.મી. ક્ષેત્રફળમાં પથરાયેલ હતી. આ સમયે સભાસદોની કુલ સંખ્યા ૫૧ હતી.

ત્યારબાદ, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અંગે નોટીફિકેશન નં.કે.વી. ૨૧-૮૫ આર.એમ.એન./૭૨૮૪/૨૫૭૪/પી. તા.૧૨/૦૨/૧૯૯૫ અનુસાર વોર્ડની પુન:રચના કરવામાં આવેલ છે. તે અનુસાર ૧૮ વોર્ડ અને સભાસદોની સંખ્યા ૫૯ની નિયત થયેલ હતી.

દરમ્યાન રાજય ચુંટણી પંચના તા.૧૮/૦૩/૧૯૯૪ થી જાહેરનામા ક્રમાંક:વરચ/૧૦૯૪ થી રાજકોટ શહેરના વોર્ડ નં.૧ થી ૨૦નું સીમાંકન નક્કી કરવામાં આવેલ હતુ.

રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા:કે.વી./ ૬૮/૧૯૮૮/આર.એન.એન./૮૦૯૫–૩૧૨૦ થી તા.૧૭/૦૬/૧૯૯૮ થી રાજકોટ શહેરની હદવધારી રૈયા, નાનામવા, અને મવડીના વિસ્તારોને રાજકોટ મહાનગરપાલિકાને સોંપી દેવામાં આવ્યા છે. ત્યારબાદ રાજય ચુંટણી પંચના જાહેરનામા ક્રમાંક:વરચ/૧૦૯૪/૨જક તા.૨૧/૦૪/૨૦૦૦ થી નવા વિસ્તારોને વોર્ડ નં.૨૧,૨૨ અને ૨૩ના સીમાંકન નક્કી કરી તેમા આવરી લેવામાં આવ્યા. જે

આવરી લેતા રાજકોટ મહાનગરપાલિકાનો વિસ્તાર ૧૦૪.૮૬ ચો.કી. થયેલ છે. કુલ સભ્યોની સંખ્યા ૬૯ અને કુલ વોર્ડની સંખ્યા – ૨૩ થયેલ છે.

જૂન-૧૯૯૮માં રાજકોટની હદ વિસ્તર્યા બાદ ફરી એક વખત જાન્યુઆરી-૨૦૧૫ માં રાજ્ય સરકારશ્રીએ રાજકોટની હદનું વિસ્તરણ કર્યું હતું. જેમાં કોઠારિયા ગ્રામ પંચાયતનો ૧૭.૮૯ ચો.કિ.મી. વિસ્તાર અને વાવડી ગ્રામ પંચાયતનો ૬.૪૯ ચો.કિ.મી. વિસ્તાર રાજકોટ મહાનગરપાલિકામાં ભેળવી દેવાતા રાજકોટ શહેરનું ક્ષેત્રફળ ૧૦૪.૮૬ ચો.કિ.મી.થી વધીને ૧૨૯.૨૧ ચો.કિ.મી. થયું છે.સાથો સાથ રાજકોટ મહાનગરપાલિકાનાં નવા વોર્ડ સીમાંકનમાં શહેરનાં ૨૩ વોર્ડની સંખ્યા ઘટાડીને ૧૮ કરવામાં આવી અને અગાઉ વોર્ડ દીઠ ત્રણ ત્રણ કોર્પોરેટરની જે સંખ્યા હતી તે વધારીને ચાર ચાર કરાતા શહેરમાં કુલ ૭૨ કોર્પોરેટરની સંખ્યા નિશ્ચિત થઇ હતી.

૨૦૧૫માં રાજકોટની હદ વિસ્તારમાં વધારો થયા બાદ વધુ એક વખત જુન-૨૦૨૦માં રાજ્ય સરકારએ રાજકોટ મહાનગરપાલિકાની હદનું વિસ્તરણ કર્યું હતું. જેમાં મોટા મૌવા, મુંજકા, ઘંટેશ્વર અને માધાપર ગ્રામ પંચાયત (મનહરપુર-૧ સહિત) હદ વિસ્તારનો રાજકોટ મહાનગરપાલિકામાં સમાવેશ થતાં રાજકોટનું કુલ ક્ષેત્રફળ ૧૬૧.૮૬ ચો.કિ.મી. થયું છે.

(૨.૪) **જાહેર તંત્રની ફરજો :-**

## (રાજકોટ મહાનગરપાલિકા,પ્રોજેકટ શાખા)

**આ કચેરીની પ્રોજેકટ શાખાની મુખ્ય ફરજો નીચે પ્રમાણે છે.**

- DAY-NULM યોજના ૩૧/03/૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલ છે. નવી યોજના શરૂ થયે તેની અમલવારી કરવામાં આવશે.
- પ્રધાનમંત્રી સ્વનિધિ આત્મનિર્ભરયોજના અંતર્ગત COVID-19થી અસરગ્રસ્ત થયેલ શેરી ફેરિયાઓની પુનઃઆજીવિકા માટે તબક્કાવાર લોન આપવા માટેની કામગીરી.
- રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ સ્વૈરછીક સંસ્થાઓ મારફત ૫ આશ્રયસ્થાનોનું સંચાલન કરવામાં આવે છે.
- ભારત સરકારશ્રી દ્વારા પી.એમ. ઇન્ટર્નશિપ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરી ૨૧ થી ૨૪ વર્ષના યુવાનોને રોજગારી અપાવવા માટે કાર્યવાહી કરવામાં આવે છે.
- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત શહેરી વિસ્તારનાં લાભાર્થીઓનાં ગાઈડલાઈન મુજબ વેરીફીકેશનની કામગીરી
- જાહેર માહિતી અધિકાર અન્વયે આવેલ અરજીઓનો નિકાલ કરવો.

## (૨.૫) <u>જાહેર તંત્રની મુખ્ય પ્રવૃતિઓ / કાર્યો :-</u>

## (રાજકોટ મહાનગરપાલિકા,પ્રોજેકટ શાખા)

પ્રોજેકટ શાખાની મુખ્ય પ્રવૃતિઓ અને કાર્યો, પારા – (૨.૪) માં દર્શાવેલ ફરજો પૂર્ણ કરવાની છે.

## (૨.૬) <u>જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ</u> :-

## (રાજકોટ મહાનગરપાલિકા,પ્રોજેકટ શાખા)

- પ્રધાનમંત્રી સ્વનિધિ આત્મનિર્ભર યોજના અંતર્ગત COVID-19થી અસરગ્રસ્ત થયેલ શેરી ફેરિયાઓની પુનઃઆજીવિકા માટે તબક્કાવાર લોન આપવા માટેની કામગીરી.

- ભારત સરકારશ્રી દ્વારા પી.એમ. ઇન્ટર્નશિપ યોજના અંતર્ગત રજીસ્ટ્રેશન કરી ૨૧ થી ૨૪ વર્ષના યુવાઓને રોજગારી અપાવવા માટે કાર્યવાહી કરવામાં આવે છે.

- રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ સ્વૈછીક સંસ્થાઓ મારફત ૫ આશ્રયસ્થાનોનું સંચાલન કરવામાં આવે છે.

- પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત શહેરી વિસ્તારનાં લાભાર્થીઓનાં ગાઈડલાઈન મુજબ વેરીફીકેશનની કામગીરી


- જાહેર માહિતી અધિકાર અન્વયે આવેલ અરજીઓનો નિકાલ કરવો.

**(૨.૭) <u>જાહેર તંત્રના રાજય,નિયામક કચેરી,પ્રદેશ  જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએ સંસ્થાગત માળખાનો આલેખ:-</u>**

# રાજકોટ મહાનગરપાલિકા

## પ્રોજેકટ શાખા

(સંસ્થાગત માળખાનો આલેખ નીચે પ્રમાણે છે)



## (૨.૮) <u>જાહેર તંત્રની અસરકારકતા અને કાર્યક્ષમતા વધારવા માટે લોકો પાસેથી અપેક્ષાઓ</u>

**(રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેકટ શાખા)**

**લાભાર્થીઓ પાસેથી અપેક્ષા :-**

- પી.એમ. સ્વનિધિયોજના અંતર્ગત કોવિડ-૧૯ થી અસરગ્રસ્ત શહેરી શેરી ફેરિયાઓ લોન લઈ આત્મનિર્ભર બનાવવાનો છે.
- પી.એમ. ઇન્ટર્નશિપ યોજના અંતર્ગત શહેરના મહતમ યુવાનો રોજગારીની તકો મેળવી. વ્યવહારુ અનુભવ થકી સશક્ત બનાવવાનો છે.
- આ શાખા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં ભાગ લઇ અમારા પ્રયત્નો સફળ બનાવે.
- તમામ કાર્યક્રમોમાં વ્યવસ્થા જળવાય રહે તે પ્રમાણેનું વર્તન કરે અને જરૂર પડયે વ્યવસ્થા જાળવવામાં સહાયભુત થાય.

**જાહેર જનતા પાસેથી અપેક્ષા :-**

- શહેરી ગરીબોના ઉત્થાન માટે યોજાનાર કોઇપણ કાર્યક્રમ એ ફકત સરકાર કે મહાનગરપાલિકાની જવાબદારી ન ગણી સમગ્ર જનતાની આ ફરજ છે. તેમ ધ્યાને લઇ જરૂર પડયે યથાયોગ્ય સહકાર આપે.
- તમામ શહેરી ગરીબો ના કાર્યક્રમમાં વ્યવસ્થા જાળવવા તથા સ્થાનિક વ્યવસ્થામાં મદદરૂપ થાય.

## (૨.૯) લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પધ્ધતિઓ :-

**(રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેક્ટ શાખા)**

લાભાર્થીઓ શહેરી ગરીબી નિવારણ અંગેના કાર્યક્રમોનો મહતમ લાભ લે તે હેતુથી નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે છે.

- રૂબરૂ સંપર્ક
- અખબારી યાદીઓ
- પત્રિકાઓ વિતરણ
- સોશિયલ મીડિયા દ્વારા

લોક ભાગીદારીથી શહેરી ગરીબી નિવારણના કાર્યક્રમો માટે જાહેર ઉપયોગી સંસ્થાઓ, સરકારી ખાતાઓ, ઉધોગ અને વ્યાપારગૃહો તેમજ વ્યકિતગત આસામીઓ પાસેથી લોકસહયોગ મેળવવા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવે છે.

- ટેલીફોન દ્વારા
- પત્રો દ્વારા
- રૂબરૂ સંપર્ક દ્વારા

**(૨.૧૦)સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર :-**

**(રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેકટ શાખા)**

આ કચેરીની પ્રોજેકટ શાખાની કામગીરીનું નિયંત્રણ સહાયક કમિશનર અને નાયબ કમિશનર કરે છે. તેથી આ શાખાની કામગીરી સબંધે કોઇપણ રજુઆત હોય તો તેમને કરી શકાય છે. જેમના સંપર્કની વિગત પ્રકરણ - ૮ માં આપેલી છે.

**(૨.૧૧)મુખ્ય કચેરી અને જુદા - જુદા સ્તરોએ આવેલી અન્ય કચેરીના સરનામું :-**

**(રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેકટ શાખા)**

**ડો.આંબેડકર ભવન,**

**ઢેબરભાઇ રોડ,**

**પ્રોજેકટ શાખા,**

**રૂમ નં -૯ ગ્રાઉન્ડ ફલોર,**

**રાજકોટ – ૩૬૦૦૦૧**

- આ શાખા હસ્તક ચાલતા "આશ્રયસ્થાનોની યાદી અને માહિતી પત્રકનં -૧ થી સામેલ છે.

(૨.૧૨) કચેરી શરૂ અને બંધ થવાનો સમય :-

(રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેકટ શાખા)

- સવારે ૧૦: ૩૦ થી બપોરે ૦૨:૦૦ કલાક સુધી
- બપોરે ૦૨:૩૦ કલાક થી સાંજે ૦૬:૧૦ કલાક સુધી

## પ્રકરણ - ૩ (નિયમ સંગ્રહ - ૨)

## અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજો

## રાજકોટ મહાનગરપાલિકા

## પ્રોજેકટ શાખા

**(૩.૧) સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓની સતા અને ફરજોની વિગત :-**

**મેનેજર :- કાશ્મિરા.ડી.વાઢેર**

**(સતાઓ વહિવટ)**

(૧) પ્રોજેકટ વિભાગ હસ્તકની કામગીરી માટે સક્ષમ સતાધિકારી મંજુરીની ખર્ચ મંજુરી મેળવી મેળવેલ મંજુરી અન્વયે નિયત બીલ ફોર્મમાં બીલ રજુ કરવાની સતા.

(૨) આ શાખાના તાબા હેઠળના કર્મચારીઓની પરચુરણ રજા અને ૧૫ દિવસ સુધીની હક્ક રજા કે માંદગી સબબની રજા મંજુર કરવાની સતા.

(૩) સ્ટેશનરીની જરૂરીયાત ઉપસ્થિત થયે સેન્ટ્રલ સ્ટોર્સમાંથી સ્ટેશનરી મેળવવા માંગણી પત્રકમાં સહી કરવાની સતા.

(૪) સરકારશ્રીની વિવિધ યોજનાનું અસરકારક અમલીકરણ કરવાની કામગીરી.

**(સતાઓ નાણાંકિય)**

(૧) શાખાની જરૂરીયાત માટે સ્ટેશનરી/પરચુરણ ખરીદી કરવા રૂ.૫૦૦/- સુધીનું ખર્ચ મંજુર કરવાની સતા.

**(સતાઓ અન્ય)**

(૧) કોઇ અન્ય સતાઓ એનાયત થયેલ નથી.

**(ફરજો)**

(૧) પારા - (૨.૪) માં દર્શાવેલ કામગીરી પૂર્ણ કરવાની ફરજો.

(૨) ઉચ્ચ અધિકારીશ્રીની સુપ્રત કરે તે અન્ય કામગીરી.

**કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર** :- **શ્રી દિપ્તી આર. આગરીયા**

**(સતાઓ વહીવટ)** :-

(૧) આશ્રયસ્થાનમાં તેમને ફાળવેલ આશ્રયસ્થાનોમાં સુપરવિઝન કરવાની સતા તથા સરકારશ્રીની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણની સતા.

(૨) પી.એમ. વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓના વેરિફિકેશનની કામગીરી.

(૩) પી.એમ. સ્વનિધિ યોજનાની કામગીરી

**(સતાઓ નાણાંકિય)** :-

(૧) કોઇ નાણાંકિય સતાઓ એનાયત થયેલ નથી.

**(સતાઓ અન્ય)** :-

(૧) કોઇ અન્ય સતાઓ એનાયત થયેલ નથી.

**(ફરજો)** :-

(૧) **પારા ૨.૪ માં દર્શાવેલ કામગીરી.**

(૨) બી.પી.એલ. લાભાર્થીઓની લગત કામગીરી **વોર્ડ નં.-૩,૪,૭,૧૪**

(૩) **ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.**

**કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર** :- **શ્રી એન.આર.કાથડ**

**(સતાઓ વહીવટ)** :-

(૧) આશ્રયસ્થાનમાં તેમને ફાળવેલ આશ્રયસ્થાનોમાં સુપરવિઝન કરવાની સતા.

(૨) પી.એમ. વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓના વેરિફિકેશનની કામગીરી

(૩) પી.એમ. સ્વનિધિ યોજનાની કામગીરી

**(સતાઓ નાણાંકિય)** :-

(૧) કોઇ નાણાંકિય સતા આપવામાં આવેલ નથી.

**(સતાઓ અન્ય)** :-

(૧) કોઇ અન્ય સતાઓ એનાયત થયેલ નથી.

**(ફરજો)** :-

(૧) **પી.એમ. ઇન્ટર્નશિપને લગત સંકલિત માહિતી.**

(૨) બી.પી.એલ. લાભાર્થીઓની લગત કામગીરી **વોર્ડ નં.- ૧૧,૧૨,૧૩,૧૭**

(૩) **ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.**

**કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર :- <u>શ્રી રામસીંગભાઇ એ મુનીયા</u>**

**<u>(સતાઓ વહીવટ)</u> :-**

(૧) રાજકોટ મહાનગરપાલિકાના આશ્રયસ્થાનોમાં ખાતે સુપરવિઝન કરવાની સતા તેમજ આશ્રયસ્થાનો લગત વહીવટી કામગીરી.

(૨) પી.એમ. સ્વનિધિ યોજનાની કામગીરી

(૩) પી.એમ. વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓના વેરિફિકેશનની કામગીરી

**<u>(સતાઓ નાણાંકિય)</u> :-**

(૧) કોઇ નાણાંકિય સતા આપવામાં આવેલ નથી.

**<u>(સતાઓ અન્ય)</u> :-**

(૧) કોઇ અન્ય સતાઓ એનાયત થયેલ નથી.

**<u>(ફરજો)</u> :-**

**(૧) પારા ૨.૪ માં દર્શાવેલ કામગીરી.**

**(૨)** બી.પી.એલ. લાભાર્થીઓની લગત કામગીરી **વોર્ડ નં.-૧,૨,૮,૯,૧૦**

**(૩) ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.**

**કોમ્યુનીટી ઓર્ગેનાઇઝર :- <u>શ્રી થોભણભાઇ બી. જાંબુકીયા</u>**

**<u>(સતાઓ વહીવટ)</u> :-**

(૧) આશ્રયસ્થાનમાં તેમને ફાળવેલ આશ્રયસ્થાનોમાં સુપરવિઝન કરવાની સતા.

(૨) પી.એમ. સ્વનિધિ યોજનાની કામગીરી

(૩) પી.એમ. વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓના વેરિફિકેશનની કામગીરી

(૪) **ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.**

**<u>(સતાઓ નાણાંકિય)</u> :-**

(૧) કોઇ નાણાંકિય સતા આપવામાં આવેલ નથી.

**<u>(સતાઓ અન્ય)</u> :-**

(૧) કોઇ અન્ય સતાઓ એનાયત થયેલ નથી.

**<u>(ફરજો)</u> :-**

**(૧) પારા ૨.૪ માં દર્શાવેલ કામગીરી**

**(૨)** બી.પી.એલ. લાભાર્થીઓની લગત કામગીરી **વોર્ડ નં.- ૫,૬,૧૫,૧૬,૧૮**

**(૩) ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય વહીવટી કામગીરી**

❖ **સિનિયર કલાર્ક :- (૧) <u>શ્રી રમેશભાઈ એમ. કંસારા</u>**

**<u>સતાઓ વહીવટી</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>સતાઓ નાણાંકિય</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>સતાઓ અન્ય</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>ફરજો</u>** :-

(૧) બી.પી.એલ. દાખલાઓનું સંકલન, બી.પી.એલ. કાર્ડ અંગેની કાર્યવાહી

(૨) આર.ટી.આઇ., સ્વાગત, એમ.પી/એમ.એલ.એ. રેફ.પત્રો, કોર્ટ રેફ. પત્રો તમામનું સંકલન, સંકલીત માહિતીની કામગીરી

(૩) ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.

❖ **જુનિયર કલાર્ક :- (૩) <u>શ્રી પ્રિતેશભાઇ રાઠોડ</u>**

**<u>સતાઓ વહીવટી</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>સતાઓ નાણાંકિય</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>સતાઓ અન્ય</u>** :-

(૧) કોઇ સતા આપવામાં આવેલ નથી.

**<u>ફરજો</u>** :-

(૧) શાખાના કર્મચારીઓની સર્વિસ બૂક તથા લીવ રેકોર્ડ નિભાવવાની કામગીરી, મહેકમની કામગીરી

(૨) તમામ યોજનાઓના હિસાબો, તથા બેંકને લગત કામગીરી

(૩) પગાર બીલ, શાખાનું ડેડ સ્ટોક રજીસ્ટર, ટેલીફોન બીલ, પરચુરણ બીલો બનાવવાની કામગીરી

(૪) ઉચ્ચ અધિકારીશ્રી સુપ્રત કરે તે અન્ય કામગીરી.

# પ્રકરણ – ૪ (નિયમ સંગ્રહ – ૩ )
## કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો, સુચનાઓ
## નિયમ સંગ્રહ અને દફતરો
## રાજકોટ મહાનગરપાલિકા
## પ્રોજેકટ શાખા

**(૪.૧) જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉપયોગ કરવાના નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની યાદી નીચેના નમુના મુજબ આપો આ નમુનો દરેક પ્રકારના દસ્તાવેજ માટે ભરવાના છે. :-**

- દસ્તાવેજનું નામ / મથાળું :- માર્ગદર્શિકાઓ
- દસ્તાવેજ પરનું ટુંકું લખાણ :-

- વ્યકિતને નિયમો, વિનિયમો, સુચનાઓ, નિયમ સંગ્રહ અને દફતરોની નકલ અહીથી મળશે.

સરનામું. :- મેનેજર, પ્રોજેકટ શાખા,
ડો. આંબેડકર ભવન, ઢેબર રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૧

વિભાગ દ્વારા નિયમો, વિનિયમો,સુચનાઓ.

- નિયમ સંગ્રહ અને દફતરોની નકલ માટે લેવાની ફી (જો હોય તો)

(૧) માહિતી (મેળવવાના) અધિકાર, અધિનિયમ – ૨૦૦૫ ની જોગવાઇ અનુસાર અરજી ફી તથા નકલ ફી વસુલ લેવામાં આવશે.

## પ્રકરણ – ૫ (નિયમ સંગ્રહ – ૪ )

**નિતી ઘડતર અથવા નિતીના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત**

**નિતીનો અમલ :-**

**(૫.૧) નિતીઓના ઘડતર માટે જનતાની અથવા તેમના પ્રતિનિધિઓની સલાહ :-**

પરાર્મશ / સહભાગીતા મેળવવા માટેની કોઇ જોગવાઇ છે.

- નિતી ઘડતરની કાર્યવાહી સરકારશ્રી દ્વારા થઇને તે મુજબના કાર્યક્રમોની અમલવારી આ શાખા કરે છે. જેથી નિતી ઘડતર બાબત કોઇ કાર્યવાહી આ શાખા દ્વારા થતી નથી. નિતીના અમલ સબંધી જનતાના સભ્યો અથવા પ્રતિનિધિઓની સલાહ – પરામર્શ / સહભાગીતા જરૂર જણાય ત્યાં મેળવવામાં આવે છે.

| અનું. નંબર | વિષય/મુદો | શું જનતાની સુનિશ્ચિત કરવાનું જરૂરી છે.? (હા/ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| (૧) | શહેરી ગરીબી નિવારણ અર્થે સરકારશ્રીની યોજનાની અમલવારી | હા | - સબંધિત કમિટિની મીટીંગમાં અમલવારી અંગે ચર્ચા કરીને<br>- લોકપ્રતિનિધિઓ સાથે રૂબરૂ સંપર્ક કરી યોજનાઓની સફળ અમલવારી માટે ચર્ચા કરીને |

## પ્રકરણ – ૬ (નિયમ સંગ્રહ – ૫ )

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યકિતઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક

(૬.૧) સરકારી દસ્તાવેજો વિશેની માહિતી આપવા નીચેના નમુનાનો ઉપયોગ કરશો. જયાં આ દસ્તાવેજો ઉપલબ્ધ છે તેવી જગ્યાઓ જેવી કે સચિવાલય કક્ષા, નિયામકની કચેરી કક્ષા, અન્યનો પણ ઉલ્લેખ કરો. :-

| ક્રમ | દસ્તાવેજની કક્ષા | દસ્તાવેજનું નામ | દસ્તાવેજ મેળવવાની પધ્ધતિ | નીચેની વ્યકિત કાર્ય પાસે છે/તેના નિયંત્રણમાં છે. |
|---|---|---|---|---|
| (૧) | - | માર્ગદર્શિકા | અરજી કરી નિયત ફી ભરીને | મેનેજર |
| (૨) | - | હુકમો | - " - | - "– |
| (૩) | - | પરિપત્રો | - " - | - "– |
| (૪) | - | ફાઇલ | - " - | - "– |

આ દસ્તાવેજો નીચેના સ્થળે ઉપલબ્ધ રહેશે.

રાજકોટ મહાનગરપાલિકા
ડો.આંબેડકર ભવન,
ઢેબરભાઇ રોડ,
પ્રોજેકટ શાખા, રૂમ નં -૯
ગ્રાઉન્ડ ફ્લોર
રાજકોટ - ૩૬૦૦૦૧

## પ્રકરણ – ૭ (નિયમ સંગ્રહ – ૭ )

## તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

## રાજકોટ મહાનગરપાલિકા

## પ્રોજેકટ શાખા

(૭.૧) જાહેર તંત્રને લગતા બોર્ડ, પરિષદો, સમિતિઓ અને અન્ય મંડળો અંગેની વિગત :-

લાગુ પડતી નથી.

-:: ** પ્રકરણ – ૮ (નિયમ સંગ્રહ – ૭ )** ::-

**સરકારી માહિતી અધિકારીઓના નામ, હોદો અને અન્ય વિગતો**

-:: **રાજકોટ મહાનગરપાલિકા** ::-

-:: **પ્રોજેકટ શાખા** ::-

**(૮.૧) જાહેર તંત્રના સરકારી માહિતી અધિકારીઓ, મદદનીશ, સરકારી માહિતી અધિકારીઓ અને વિભાગીય કાયદાકીય (એપેલેટ) સતાધિકારી વિશેની માહિતી.**

**-::મદદનીશ માહિતી અધિકારી::-**

| ક્રમ | નામ | હોદો | ફોન નંબર કચેરી | ફેકસ/ઇ –મેઇલ | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧) | — | કોમ્યુનિટી ઓર્ગેનાઇઝરો પ્રોજેકટ શાખા | - | | **ડો. આંબેડકર ભવન, ઢેબર રોડ, પ્રોજેકટ શાખા રાજકોટ.** |

**-::માહિતી અધિકારી::-**

| ક્રમ | નામ | હોદો | ફોન નંબર કચેરી | મોબાઈલ નં. | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી કે.ડી વાઢેર | મેનેજર (પ્રોજેકટ) | - | ૭૩૮૩૦૬૦૫૯૦ | **ડો. આંબેડકર ભવન, ઢેબર રોડ, પ્રોજેકટ શાખા રાજકોટ.** |

**-::એપેલેટ (કાયદા) સતાધિકારી::-**

| ક્રમ | નામ | હોદો | ફોન નંબર કચેરી/મોબાઈલ નંબર | ફેકસ/ઇ મેઇલ | સરનામું |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રી બી.એલ. કાથરોટીયા | ઈ.ચા.આસી. કમિશનર | ૯૬૨૪૭૧૮૫૧૮ | | ઓફિસ નં.- ૦૧ પહેલો માળ સેન્ટ્રલ ઝોન |

# પ્રકરણ – ૯

# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્ય પધ્ધતિ,

# રાજકોટ મહાનગરપાલિકા

# પ્રોજેકટ શાખા

**(૯.૧) જુદા - જુદા મુદાઓ અંગે નિર્ણય લેવા માટે કઇ કાર્યપધ્ધતિ અનુસરવામાં આવે છે ?**

બી.પી.એમ.સી. એકટ -૧૯૪૯ ની જોગવાઇ અનુસરીને નિર્ણયો લેવામાં આવે છે. વિશેષમાં સરકારશ્રી પુરસ્કૃત યોજનાઓની અમલવારી માટે સબધિત સતાધીશ દ્વારા જે-જે માર્ગદર્શિકાઓ, સુચનાઓ , બહાર પાડ્વામાં આવે તે પ્રમાણે નિર્ણય લેવામાં આવે છે.

**(૯.૨) અગત્યની બાબતો માટે કોઇ ખાસ નિર્ણય લેવા માટેની દસ્તાવેજી કાર્ય પધ્ધતિઓ/ ઠરાવેલી કાર્ય પધ્ધતિઓ/ નિયમ માપંદડો/ નિયમો કયા કયા છે ? નિર્ણય લેવા માટે કયા-કયા સ્તરે વિચાર કરવામાં આવે છે?**

પારા નં.(૯.૧) માં જણાવ્યા સિવાય અન્ય કોઇ પધ્ધતિ અસ્તિત્વમાં નથી. નિર્ણયો લેવા માટે પ્રકરણો શાખા દ્વારા સહાયક કમિશનર શ્રી અને નાયબ કમિશનર શ્રી મારફત કમિશનર શ્રીને મોકલવામાં આવે છે.

**(૯.૩) નિર્ણયને જનતા સુધી પહોંચાડવાની કોઇ વ્યવસ્થા છે?**

નિર્ણયોની લેખીત જાણ સબંધિત ને ટપાલ દ્વારા પહોચાડવાની વ્યવસ્થા છે.

**(૯.૪) નિર્ણય લેવાની પ્રક્રિયામાં જેના મંતવ્યો લેવાનાર છે તે અધિકારીઓ કયા છે?**

મેનેજરશ્રી - સહાયક કમિશનર શ્રી - નાયબ કમિશનર શ્રી - કમિશનર શ્રી

**(૯.૫) નિર્ણય લેનાર અંતિમ સતાધિકારી કોણ છે?**

કમિશનર શ્રી

**(૯.૬) જે અગત્યની બાબતો પર જાહેર સત્તાધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવે છે તેની માહિતી અલગ રીતે નીચેના નમુનામાં આપો.**

**આ શાખાને લાગુ પડતું નથી**

## પ્રકરણ - ૧૦
## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા (ડિરેકટરી)
## રાજકોટ મહાનગરપાલિકા
## પ્રોજેકટ શાખા

### ૧૦.૧ માહિતી નીચે પ્રમાણે છે.

| ક્રમ નં | નામ | હોદો | એસ.ટી.ડી કોડ | ફોન નં | | ફેકસ | ઇ-મેઇલ | સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | કચેરી | મોબાઇલ | | | |
| ૧ | શ્રી કે.ડી.વાઢેર | મેનેજર (પ્રોજેકટ) | - | - | ૭૩૮૩૦ ૬૦૫૯૦ | - | Rajkot.gulm@gmail.com | ડો. આંબેડકર ભવન, ઢેબર રોડ, પ્રોજેકટ શાખા રાજકોટ |
| ૨ | શ્રી આર.એ.મુનિયા | સમાજ સંગઠક | --"-- | --"-- | ૯૬૨૪૭ ૧૮૫૧૫ | --"-- | --"-- | --"-- |
| ૩ | શ્રી એન.આર.કાથડ | સમાજ સંગઠક | --"-- | --"-- | ૯૬૨૪૭ ૧૮૫૧૯ | --"-- | --"-- | --"-- |
| ૪ | શ્રી ડી.આર.આગરીયા | સમાજ સંગઠક | --"-- | --"-- | ૯૬૨૪૭ ૧૮૫૨૦ | --"-- | --"-- | --"-- |
| ૫ | શ્રી ટી.બી.જાંબુકીયા | સમાજ સંગઠક | --"-- | --"-- | ૯૬૨૪૭ ૧૮૯૦૦ | --"-- | --"-- | --"-- |
| ૬ | શ્રી રમેશભાઈ એમ. કંસારા | સિ.કા | --"-- | --"-- | ૯૯૨૪૨ ૫૬૨૩૭ | --"-- | --"-- | --"-- |
| ૭ | શ્રી પ્રિતેશભાઇ કે. રાઠોડ | જુ.કા | --"-- | --"-- | ૬૩૫૯૨ ૧૮૨૮૭ | --"-- | --"-- | --"-- |
| ૮ | શ્રી વી.એલ.બારૈયા | પટ્ટાવાળા | --"-- | --"-- | ૯૬૮૭૧ ૮૧૨૭૪ | --"-- | --"-- | --"-- |
| ૯ | શ્રી મુકેશભાઈ એલ. ખીમસુરીયા | પટ્ટાવાળા | --"-- | --"-- | ૯૮૨૪૮ ૮૧૭૨૨ | --"-- | --"-- | --"-- |

## પ્રકરણ - ૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારી અને કર્મચારીઓને મળતુ માસિક મહેનતાણું.

### રાજકોટ મહાનગરપાલિકા

### પ્રોજેકટ શાખા

| ક્રમ | નામ | હોદો | માસીક મહેનતાણુ | વળતર/વળતર ભથ્થુ | વિનિયમમાં જણાવ્યા મુજબ મહેનતાણુ નકકી કરવાની કાર્ય પધ્ધતિ |
|---|---|---|---|---|---|
| (૧) | શ્રી એચ.જી.મોલીયા | મેનેજર (હવાલે સેક્રેટરી શાખા) | ૫૯૭૦૦ | નિયમોનુસાર | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૨) | શ્રી કે.ડી.વાઢેર | મેનેજર(પ્રોજેકટ) | ૭૪૦૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (3) | શ્રી આર.એ.મુનિયા | --“-- | ૭૬૫૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૪) | શ્રી એન.આર.કાથડ | --“-- | ૭૬૫૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૫) | શ્રી ડી.આર.આગરીયા | --“-- | ૭૬૫૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૬) | શ્રી ટી.બી.જાંબુકીયા | --“-- | ૫૩૬૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૭) | શ્રી રમેશભાઈ એમ. કંસારા | સિ.કા. | ૪૨૩૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૮) | શ્રી પ્રિતેશભાઇ કે. રાઠોડ | જુ.કા | ૨૧૧૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૯) | શ્રી મુકેશભાઈ એલ. ખીમસુરીયા | પટ્ટાવાળા | ૩૨૦૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |
| (૧૦) | શ્રી વી.એલ.બારૈયા | પટ્ટાવાળા | ૩૧૧૦૦ | " | જી.સી.એસ.આર.ની જોગવાઇ મુજબ |

## પ્રકરણ - ૧૨

## પ્રત્યેક સંસ્થાને ફાળવાયેલ અંદાજપત્ર

### તમામ યોજનાઓ, સુચિતખર્ચ અને કરેલ ચુકવણી અંગે એહવાલોની વિગતો વિકાસ, નિર્માણ અને તકનિકી કાર્યો અંગે જવાબદાર જાહેર તંત્ર માટે

### રાજકોટ મહાનગરપાલિકા

### પ્રોજેકટ શાખા

### વર્ષ ૨૦૨૫–૨૦૨૬ (રૂપિયા લાખમાં)

| ક્રમ | બજેટ સંજ્ઞા | બજેટ સદર | હિસાબી સંજ્ઞા | હિસાબી સદર | મંજૂર થયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧) | ૧૮૦૧ | પ્રોજેકટ શાખા પગાર ખર્ચ | ૩૦૧૦૦ | પગાર ખર્ચ | ૧૫૫.૦૨ |
| ૨) | ૧૮૦૧ | આઉટ સોર્સિંગ સ્ટાફ ખર્ચ | ૩૦૧૦૧ | પગાર ખર્ચ | ૮.૦૦ |
| ૩) | ૧૮૦૧ | સાદિલવાર ખર્ચ | ૩૪૦૦૦ | સાદિલવાર | ૧.૦૦ |
| ૪) | ૧૮૦૧ | ટેલિફોન ખર્ચ | ૩૪૧૦૦ | ટેલિફોન ખર્ચ | ૦૦.૦૦ |
| ૫) | ૧૮૦૧ | પ્રોજેક્ટ ખર્ચ | ૪૮૫૦૧ | પ્રોજેક્ટ ખર્ચ | ૨૦.૦૦ |
| ૬) | ૧૮૦૧ | સક્ષમ રાજકોટ | ૪૯૧૧૮ | સક્ષમ રાજકોટ | ૧.૦૦ |
| ૭) | ૧૮૦૨ | મહિલા ઉત્કર્ષ યોજના | ૩૧૩૦૦ | મહિલા ઉત્કર્ષ યોજના | ૦૦.૦૦ |
| ૮) | ૧૮૦૪ | મહિલા વેન્ડર તાલીમ | ૩૧૩૦૦ | ઈ.ડી.આઈ. મારફત તાલીમ | ૧૦.૦૦ |
| ૯) | ૧૮૦૩ | પ્રધાનમંત્રી સ્વનિધી યોજના | ૩૧૩૦૦ | ગ્રાંટેબલ | ૦૦.૦૦ |
| ૧૦) | ૧૮૦૨ | રેનબસેરા નિભાવ ખર્ચ | ૩૮૩૦૩ | ગ્રાંટેબલ | ૦૦.૦૦ |
| ૧૧) | ૧૮૦૨ | રેનબસેરા નિભાવ ખર્ચ | ૩૮૩૦૪ | રેનબસેરા નિભાવ ખર્ચ | ૬૫.૦૦ |
| ૧૨) | ૧૮૦૧ | વાહન ખર્ચ | ૩૮૮૦૧ | વાહન ખર્ચ | ૫.૨૦ |

**પ્રકરણ - ૧૩ (નિયમ સંગ્રહ - ૧૨)**
**સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ**
**રાજકોટ મહાનગરપાલિકા**
**પ્રોજેક્ટ શાખા**

- **કાર્યક્રમનું નામ** :- પી.એમ. સ્વનિધિ યોજના
- **કાર્યક્રમ/યોજનાનો સમયગાળો** :- સરકારશ્રી તરફથી યોજના ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી
- **કાર્યક્રમનો ઉદેશ** :- COVID-19થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓને આજીવિકા પુનઃસ્થાપિત કરવા માટે રોજગારી પૂરી પાડવાનો છે.
- **લાભાર્થીની પાત્રતા** :- ૧૮ થી ૫૯ વર્ષના રજીસ્ટર્ડ શેરી ફેરિયા તથા ફેરી પ્રકારનો વ્યવસાય કરતા લાભાર્થી જોડાય શકે છે.
- **લાભ અંગેની પુર્વ જરૂરત** :- આધાર કાર્ડ, બેંક પાસબુક તથા આધાર કાર્ડ સાથે લીંક મોબાઇલ નંબર
- **કાર્યક્રમનો લાભ લેવા અંગેની પધ્ધતિ** :- સુચિત કાર્યક્રમોનો ફેરીયાઓના હોકર્સ ઝોન તથા રહેણાકનાં સ્થળોએ પત્રિકા દ્વારા પ્રચાર કરવામાં આવે છે. તે અન્વયે સબંધિત કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર નો સંપર્ક સાધી લાભ લઇ શકે છે.
- **સહાયકી વિતરણ** :- ત્રણ તબક્કામાં ધિરાણ આપવામાં આવે છે.
- **અરજી કયાં કરવી કે કોનો સંપર્ક કરવો કરવો** **NULM સેલ ડૉ. આંબેડકર ભવન, ઢેબર રોડ, રાજકોટ**
  **અરજી ફી** :- કોઈ ફી નથી
- **અરજી પત્રકનો નમુનો** :- ઓનલાઈન ફોર્મ ભરવામાં આવે છે.
- **પ્રક્રિયાને લગતી સમસ્યા અંગે કયા સંપર્ક કરવો** :- સબંધિત વિસ્તારના કોમ્યુનિટી ઓર્ગેનાઇઝરનો સંપર્ક કરવો.

## પ્રકરણ - ૧૩ (નિયમ સંગ્રહ - ૧૨)
## સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ
## રાજકોટ મહાનગરપાલિકા
## પ્રોજેકટ શાખા

| | | | |
|---|---|---|---|
| - | <u>કાર્યક્રમનું નામ</u> | :- | પી.એમ. ઇન્ટર્નશિપ યોજના |
| - | <u>કાર્યક્રમ/યોજનાનો સમયગાળો</u> | :- | સરકારશ્રી તરફથી યોજના ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી |
| - | <u>કાર્યક્રમનો ઉદેશ</u> | :- | ૨૧ થી ૨૪ વર્ષના યુવા બેરોજગારોને તાલીમ આપી સ્વરોજગારી પુરી પાડવાનો છે. |
| - | <u>લાભાર્થીની પાત્રતા</u> | :- | ૨૧ થી ૨૪ વર્ષના બેરોજગાર લાભાર્થી આ કાર્યક્રમમાં જોડાઇ શકે છે. |
| - | <u>લાભ અંગેની પુર્વ જરૂરત</u> | :- | ઉમેદવારની વાર્ષિક આવક ૮ લાખથી ઓછી હોવી જોઈએ.<br>ઉમેદવારના પરિવારના અન્ય સભ્ય સરકારી નોકરી ધરાવતા ન હોવા જોઈએ.<br>ઉમેદવાર ધોરણ ૧૦,૧૨, સ્નાતક, ITI. ડીપ્લોમાં પાસ હોવા જોઈએ. |
| - | <u>કાર્યક્રમનો લાભ લેવા અંગેની પધ્ધતિ</u> | :- | સુચિત કાર્યક્રમોનો વિસ્તારમાં ઘરે ઘરે ફરી મૌખિક કે પત્રિકા દ્વારા પ્રચાર કરવામાં આવે છે. તે અન્વયે સબંધિત સી.ઓ. નો સંપર્ક સાધી લાભ લઇ શકે છે. |
| - | <u>સહાયકી વિતરણ</u> | :- | નોંધાયેલ યુવાનોને ઇન્ટર્નશિપના એક વર્ષના સમયગાળા માટે માસિક રૂ|.૫000નુ સ્ટાઈપેન્ડ તથા રૂ|. ૬000/- એક વખત યોજનાની માર્ગદર્શિકા મુજબ મળવાપાત્ર થશે. |
| - | <u>અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરી માં કોનો સંપર્ક કરવો</u> | :- | **ઓનલાઈન (htttps://pm internship.com)**પોર્ટલ ઉપર કરી શકાશે. |
| - | <u>અરજી ફી</u> | :- | આ માટે લાભાર્થીઓ પાસેથી કોઇપણ પ્રકારની તાલીમ ફી લેવામાં આવતી નથી. |
| - | <u>અન્ય ફી</u> | :- | અન્ય ફી કોઇ લેવામાં આવતી નથી. |
| - | <u>અરજી પત્રકનો નમુનો</u> | :- | **ઓનલાઈન અરજીઓ થાય છે.** |
| - | <u>પ્રક્રિયાને લગતી સમસ્યા અંગે કયા સંપર્ક કરવો</u> | :- | સબંધિત વિસ્તારના કોમ્યુનિટી ઓર્ગેનાઇઝરનો સંપર્ક કરવો. |

## પ્રકરણ - ૧૪ (નિયમ સંગ્રહ - ૧૩)

## તેણે આપેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

## રાજકોટ મહાનગરપાલિકા

## પ્રોજેકટ શાખા

- આવી કોઇ પ્રકારની કાર્યવાહી આ શાખા દ્વારા થતી નથી.

## પ્રકરણ - ૧૫ (નિયમ સંગ્રહ - ૧૪)
## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો
## રાજકોટ મહાનગરપાલિકા
## પ્રોજેકટ શાખા

**(૧૫.૧) વિવિધ પ્રવૃતિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નક્કી કરેલ ધોરણોની વિગતો નીચે મુજબ છે.**

આ શાખાની નિર્ણય લેવાની પ્રક્રિયા માટે શાખા દ્વારા ફાઇલ ઉપર નોંધ સહાયક કમિશનરશ્રીને રજુ કરવામાં આવે છે. જો નિર્ણય તેમના દ્વારા થતો હોય તો નિર્ણય સહ પ્રકરણ પરત આવ્યે અમલવારી કરવામાં આવે છે. અન્યથા નિર્ણય માટે આગળ નાયબ કમિશનરશ્રી કે જરૂર પડયે કમિશનરશ્રીને પ્રકરણ રજુ કરવામાં આવે છે.

## પ્રકરણ - ૧૬ (નિયમ સંગ્રહ - ૧૫)
## વિજાણુ રૂપે ઉપલબ્ધ મહિતી
## રાજકોટ મહાનગરપાલિકા
## પ્રોજેક્ટ શાખા

(૧૬.૧) વિજાણુરૂપે કોઇ માહિતી ઉપલ્બધ નથી.

## પ્રકરણ - ૧૭ (નિયમ સંગ્રહ - ૧૬)

## માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપ્લબ્ધ સવલતોની વિગતો

## રાજકોટ મહાનગરપાલિકા

## પ્રોજેકટ શાખા

**(૧૭.૧) લોકોને માહિતી મળે તે માટે વિભાગે અપનાવેલ સાધનોની વિગત નીચે મુજબ છે :-**

- વર્તમાનપત્રો
- નોટીસબોર્ડ
- કચેરીમાં રેકર્ડનું નિરિક્ષણ
- દસ્તાવેજોની નકલો મેળવવાની પધ્ધતી
- ઉપલબ્ધ મુદ્રિત નિયમ સંગ્રહ
- જાહેર તંત્રની વેબસાઇટ
- જાહેર ખબરના અન્ય સાધનો

**(પત્રક – ૧)**

**રાજકોટ મહાનગરપાલિકા**

**યુ.બી.એસ.પ્રોજેકટ**

## સંસ્થાઓને સંચાલન માટે સોંપવામાં આવેલ શેલ્ટરની યાદી

| ક્રમ | સંસ્થાનું નામ | શેલ્ટરનું એડ્રેસ | કોમ્યુનિટી ઓર્ગેનાઇઝરનું નામ |
|---|---|---|---|
| ૧ | વાત્સલય એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ.<br>જયદીપ કાચા મો- ૯૯૦૪૯ ૧૯૧૫૧ | (૧) ડોર્મીટરી સ્ત્રી વિભાગ ભોમેશ્વર પ્લોટ શેરી નં ૨ જામનગર રોડ રાજકોટ | શ્રી એન.આર. કાથડ ૯૬૨૪૭૧૮૫૧૯ |
| | અસ્તિત્વ ચેરીટેબલ ટ્રસ્ટ ત્રુશીરાજ ચુડાસમા મો. ૯૯૭૮૫૬૨૮૯૦ | (૧) ડોર્મીટરી પુરૂષ વિભાગ ભોમેશ્વર પ્લોટ શેરી નં ૨ જામનગર રોડ રાજકોટ | શ્રી.આર.એ.મુનિયા મો.૯૬૨૪૭૧૮૫૧૫ |
| ૨ | પ્રાર્થના સહિયર મહિલા મંડળ<br>મો. – ૯૬૨૪૩૭૩૭૪૮ | (૧ )જુના ઢોર ડબ્બા મરચા પીઠ, રાજકોટ. (સ્ત્રી વિભાગ) | શ્રી.ડી.આર. આગરીયા મો.૯૬૨૪૭ ૧૮૫૨૦ |
| ૩ | શ્રી વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટ, રાજકોટ<br>મો. – ૯૨૨૮૭૮૦૨૮૨ | (૧) રામનગર -૪ આજી વસાહતની બાજુમાં ૮૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ | શ્રી ટી.બી.જાબુંકીયા મો.૯૬૨૪૭ ૧૮૯૦૦ |
| ૪ | વાત્સલય એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ. | (૧) આજી ચોક, જુના જકાતનાકા પાસે, ભાવનગર રોડ, રાજકોટ. | શ્રી ટી.બી.જાબુંકીયા મો.૯૬૨૪૭ ૧૮૯૦૦ |
| ૫ | બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ<br>૩-મીલપરા મેઈન રોડ, કેનાલ રોડ નજીક,<br>નામ:- જયેશભાઈ ઉપાધ્યાય<br>મો.૯૩૭૪૧૦૩૫૨૩ | (૧) ડોર્મીટરી શાળા નં.૧૦, હોસ્પિટલ ચોક, રાજકોટ (પુરુષ વિભાગ) | શ્રી.આર.એ.મુનિયા મો.૯૬૨૪૭૧૮૫૧૫ |
| | | (૧) ડોર્મીટરી શાળા નં.૧૦, હોસ્પિટલ ચોક, રાજકોટ (સ્ત્રી વિભાગ) | શ્રી.ડી.આર. આગરીયા મો.૯૬૨૪૭ ૧૮૫૨૦ |

# <u>પ્રમાણપત્ર</u>

**આથી પ્રમાણીત કરવામાં આવે છે કે માહિતી અધિકાર અધિનિયમ કલમ-૪ અંતર્ગત સ્વયં કરવાની બાબતો પ્રોએકટીવ ડીસ્કલોઝર (P.A.D) મારા વિભાગ દ્વારા કરવામાં આવેલ છે. અને તા. ૨૪/૦૪/૨૦૨૫ની સ્થિતિએ અમારી મંજુરી મેળવી અદ્યતન કરવામાં આવેલ છે.**

**તારીખ :- ૨૪/૦૪/૨૦૨૫**

**જાહેર માહિતી અધિકારી**
**અને મેનેજર**
**પ્રોજેકટ શાખા**
**રાજકોટ મહાનગરપાલિકા**